દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

બુધવાર ૧૦ જુલાઈ, ૨૦૨૪

# શું સુપ્રીમ કોર્ટે નીટ-યુજી પરીક્ષા ફરી લેવાનો આદેશ આપવો પડશે?

આપણા દેશમાં તબીબી તથા અન્ય ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આ વર્ષ મોટા વિવાદનું કેન્દ્ર બની ગઇ છે. આવી પરીક્ષાઓમાં વ્યાપક ગેરરીતિઓ થવાના અને પ્રશ્નપત્રો લીક થવાના બનાવોના અહેવાલો આઘાતજનક રીતે બહાર આવ્યા. પેપર લીકના કારણે યુજીસી-નેટ પરીક્ષા તો રદ જ કરી દેવામાં આવી. નીટ-યુજીમાં ગેરરીતિઓ અંગે ખાસ્સો ઉહાપોહ મચ્યો. પાંચમી મેના રોજ લેવાયેલી આ પરીક્ષામાં કેટલાક કેન્દ્રો પર પરીક્ષાર્થીઓનો સમય બગડ્યો હોવાનું કારણ આપી તેમને કૃપા ગુણ અપાયા. અને આ વખતે અભૂતપૂર્વ સંખ્યામાં ૬૭ વિદ્યાર્થીઓના સો ટકા ગુણ આવ્યા અને તેમાં પણ હરિયાણાના તો એક જ કેન્દ્રના ૬ વિદ્યાર્થીઓના પુરા ગુણ આવ્યા! આથી ખળભળાટ મચી ગયો. છેવટે કૃપા ગુણ રદ કરવા પડ્યા અને જેમના આ ગ્રેસ માર્ક્સ રદ થયા હતા તેમને ફરી પરીક્ષા આપવાનો વિકલ્પ અપાયો. નીટ-યુજીમાં ગેરરીતિઓ સામે અને આ પરીક્ષા ફરી લેવાની માગણી કરતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટ સહિતની કોર્ટોમાં થઇ. સુપ્રીમ કોર્ટે હવે આ અરજીઓ હાથ પર લેતા સંકેત આપ્યો છે કે તે આ પરીક્ષા ફરી લેવાનો પણ આદેશ આપી શકે છે. જો નીટ-યુજી ૨૦૨૪ પરીક્ષાની પવિત્રતા ગુમાઇ હશે તો રિ-ટેસ્ટનો આદેશ કરવો પડશે એવુ નિરીક્ષણ કરતા સુપ્રીમ કોર્ટે સોમવારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી(એનટીએ) અને સીબીઆઇ પાસે પ્રશ્નપત્ર લીકના સમય અને લીક તથા ખરેખરી પરીક્ષા વચ્ચેના સમયગાળા અંગે માહિતી માગી હતી.

સર્વોચ્ચ અદાલતે આમાં ખોટુ કરનારા જે લોકોને અત્યાર સુધી ઓળખી કાઢવામાં આવ્યા છે તેમનો આંકડો પણ માગ્યો છે અને પેપર લીક માટે અપનાવવામાં આવેલી પધ્ધતિની વિગતો માગી છે. એક બાબત સ્પષ્ટ છે કે પેપર લીક થયું છે એમ ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની બેન્ચે કહ્યું હતું અને ઉમેર્યું હતું કે કેટલી હદે પેપર લીક થયું છે અને તેના લાભાર્થીઓ કોણ છે તે શોધી કાઢવું જરૂરી છે. નીટ-યુજીમાં પેપર લીક થયું હોવાના કોઇ નક્કર પુરાવા ન મળ્યા હોવાનું કેન્દ્ર સરકાર લાંબા સમય સુધી કહેતી રહી છે તે સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી મહત્વની છે. બેન્ચે કહ્યું હતું કે જો પેપર લીક ચોક્કસ વિસ્તાર પુરતું જ મર્યાદિત હોય અને ખોટું કરનારઓને ઓળખી કાઢવાનું શક્ય હોય તો આટલા જંગી સ્તર પર ફરીથી પરીક્ષા લેવાનો આદેશ આપવાનું યોગ્ય નહીં હોય. વાત બરાબર છે, જો ખોટું કરનારાઓ અને લીક થયેલા પેપરોનો લાભ ઉઠાવનાર પરીક્ષાર્થીઓને ઓળખી શકાય તો તેમને સજા કરી શકાય. લીક પેપરોનો લાભ લેનાર વિદ્યાર્થીઓને ગેરલાયક ઠેરવી શકાય. પછી બધા વિદ્યાર્થીઓની ફરીથી પરીક્ષા લેવાની જરૂર નથી. પણ જો આવી ઓળખ કરી ન શકાય તો ફરીથી પરીક્ષા લેવી જ જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે નીટ-યુજીની ૫૭૧ શહેરોમાં લેવામાં આવી હતી જેમાં વિદેશના ૧૪ શહેરોનો પણ સમાવેશ થતો હતો. ૨૩.૩૩ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. નીટ-યુજી પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ અંગે થયેલી સંખ્યાબંધ અરજીઓ પરની આગામી સુનાવણી ૧૧મી જુલાઇ પર મોકૂફ રાખતા અદાલતે સીબીઆઇના તપાસ અધિકારીને આદેશ આપ્યો હતો કે તે તપાસના સ્ટેટસ અંગેનો અહેવાલ અદાલત સમક્ષ મૂકે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એનટીએએ પણ એ વિગતો આપવી જોઇએ કે ગેરરીતિઓના લાભાર્થીઓને ઓળખી કાઢવા માટે અત્યાર સુધીમાં શું પગલા લેવામાં આવ્યા છે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમ્યાન નીટ-યુજીની વિશ્વસનિયતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સરકાર માટે એ જરૂરી છે કે તે વિવિધ ક્ષેત્રના જાણીતા નિષ્ણાતોની એક ટીમ એટલા માટે બનાવે કે આવા બનાવો ભવિષ્યમાં ફરીથી બને નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટ વિવાદગ્રસ્ત નીટ-યુજી ૨૦૨૪ પરીક્ષાને લગતી 30 કરતા વધુ અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમાં પાંચમી મેના રોજ લેવાયેલી આ પરીક્ષા ફરીથી લેવાની માગણી કરતી અરજીઓનો પણ સમાવેશ થતો હતો. રિ-ટેસ્ટનો આદેશ આપવાની કાનૂની સ્થિતિના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ફરી પરીક્ષા લેવાનો આદેશ આપતા પહેલા તેણે એ ચકાસવું પડશે કે શું પેપર લીક સિસ્ટમેટિક લેવલ પર થયું છે અને તેની અસર સમગ્ર પરીક્ષા પ્રક્રિયા પર થઇ છે? પેપર લીકના લાભાર્થીઓને જુદા તારવી શકાય તેમ છે કે નહીં? જો તેમને જુદા તારવી શકાય તેમ ન હોય તો સમગ્ર પરીક્ષા ફરીથી લેવાનો આદેશ આપવો પડશે એમ ચીફ જસ્ટિસના વડપણ હેઠળની ત્રણ જજોની બેન્ચે કહ્યું હતું. બેન્ચે એમ પણ કહ્યું હતું કે જો ટેલિગ્રામ, વોટ્સએપ જેવા સોશ્યલ મીડિયા એપ્સ પર પેપર ફરતું થયું હોય તો તે ઘણું ઝડપથી ફેલાઇ ગયું હોઇ શકે છે. આવા સંજોગોમાં પણ ફરીથી પરીક્ષા લેવાનો આદેશ આપી શકાય છે. હવે કેન્દ્ર સરકાર, એનટીએ, સીબીઆઇ શું જવાબો આપે છે, પેપર લીકના લાભાર્થીઓની ઓળખ થઇ શકે છે કે નહીં તે જોવાનું રહે છે. જો આ ઓળખ નહીં થઇ શકે તો નીટ-યુજી ૨૦૨૪ની પરીક્ષા ફરી લેવાનો આદેશ આવી શકે છે.

## વહુઓ પારકી નથી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સંયુકત પરિવાર સાસુ સસરા, ચાર ભાઈઓ, તેમની પત્ની અને બાળકો મળીને ૧૬ જણ સાથે એક જ છત નીચે રહે.બધા જૂદો જૂદો વ્યવસાય કરે અને ઘરની ચાર વહુઓ પણ ભણેલી. ઘરનું કામ સાથે મળી સમજીને સંભાળે અને પોતપોતાનું કામ પણ કરે અને કૈંક કામ કરીને પૈસા પણ કમાય અને બચત પણ કરે.બધાં સાથે મળી એકદમ ખુશ અને મજાથી રહે.

ઘરના મોભી વડીલ સસરાજીનું અને સાસુમાનું બધાં માન જાળવે ને દરેક નિર્ણય સમજી વિચારી સાથે મળીને લે.કોઈ પણ વાતની કોઈ પણ જબરદસ્તી કરવામાં ન આવે. એક દિવસ ઘરમાં સાસુમાનાં મોટાબહેન આવ્યાં. તેમની નાની બહેનના ઘરનું સુંદર વાતાવરણ જોયું. તેમણે જોયું કે રોજબરોજની રસોઈ હોય કે કોઈ મોટો નિર્ણય, બધાં સથે મળી બેસીને નક્કી કરતાં. તેમને હતું ચાર ચાર વહુઓ એ તો તો ઝઘડા રોજ થતા હશે પણ તેમને આવ્યાને અઠવાડિયું થવા આવ્યું, કોઈ મોટા અવાજે એકબીજા સાથે બોલતું ન હતું અને વાતાવરણમાં ખુશી અને આનંદ જ આનંદ હતો. એક દિવસ તેઓ પોતાની નાની બહેનને એકલા રૂમમાં લઇ જઈને સલાહ આપવા મંડ્યાં કે તેં વહુઓને બહુ માથે ચઢાવી છે.તેમને શું કામ બધું પૂછવાનું? આપણે જે કહીએ તેમ જ તે લોકો કરે એવો દાબ હોવો જોઈએ.નાની બહેન હસી અને બોલી, ‘બહેન, ખરાબ ન લગાડશો પણ તમે બહુ દાબ રાખ્યો હતો તમારી બે વહુઓ પર.શું થયું બન્ને તમને છોડીને ચાલી ગઈ.બહેન, આ વહુઓ પણ દીકરી જ છે અને એક વ્યક્તિ પણ અને ભણેલી જાણકાર પણ તો પછી કોઈ પણ વાતમાં તેમનો મત જાણવો જરૂરી છે અને આ તેમનો હક્ક પણ છે.વહુઓ પોતાનું ઘર છોડી આ ઘરમાં આવી છે અને આ ઘરને પોતાનું માન્યું છે.આ ઘરનું બધું કામ એ લોકો કરે છે,ઘરમાં કંઈ પણ ફેરફાર થાય, બીમારી આવે, મહેમાન આવે, પ્રસંગ આવે સૌથી વધારે કામ અને ફેરફાર તેમના જીવનમાં આવે છે તો પછી શું કામ તેમને કંઈ નહિ પૂછવાનું? શું કામ તેમની સામે વાતો નહિ કરવાની?’ મોટી બહેને કહ્યું, ‘અરે, પણ વહુ તો પારકી જ ગણાય, તેની સામે બધી વાતો ન કરાય.એટલું તો સમજ.’ ચાર વહુઓની સાસુ, નાની બહેને જવાબ આપ્યો, ‘ના, હું નથી માનતી કે વહુઓ પારકી છે. એ લોકો છે તો જ આ ઘર-પરિવાર ચાલે છે. આ જીવન ચાલે છે અને તેઓ ખુશ છે ને ઘરમાં ઝઘડા થતા નથી એટલે જ ઘરમાં શાંતિ છે અને જ્યાં શાંતિ હોય ત્યાં ખુશી હોય જ.’ ચારે વહુઓ ભારથી આ વાત સાંભળતી હતી. અંદર આવી સાસુમાને ભેટી પડી.

# શું યુકેના નવા વડા પ્રધાન ભારત સાથેના સંબંધોને વધુ સુધારશે?

### ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**સ્ટાર્મરે ભારતીય અધિકારીઓને ખાતરી આપી હતી કે, એકવાર તેઓ સત્તામાં આવ્યા પછી હાઉસ ઓફ કોમન્સમાં ભારત વિરોધી કટ્ટરપંથીઓ પર લગામ લગાવશે, જોકે, કોઈ પણ અપેક્ષા રાખી શકે છે કે, લેબર સરકાર માનવાધિકારના ઉલ્લંઘન અને લઘુમતીઓ સાથે કોઈ પણ અનુચિત વ્યવહાર માટે ભારતની ટીકા કરશે**

ગયા અઠવાડિયે યોજાયેલી સંસદીય ચૂંટણીમાં વર્તમાન ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીને હરાવીને તેમની લેબર પાર્ટીએ પ્રચંડ વિજય મેળવ્યો ત્યાર બાદ કીર સ્ટાર્મર સત્તાવાર રીતે યુકેના નવા વડા પ્રધાન બની ગયા. લેબરે 412 બેઠકો મેળવી છે અને 25 વર્ષમાં સૌથી મોટી બહુમતી સરકાર બનાવી છે. ભારતમાં ઘણા લોકો માટે સુનકની હાર કંઈક અંશે વ્યક્તિગત લાગશે. કારણ કે, તેમને એ વાતનો ગર્વ છે કે તેઓ એશિયાઈ મૂળના પ્રથમ બ્રિટીશ વડા પ્રધાન હતા, જેનો જન્મ ભારતીય વંશમાં થયો હતો. એક એવો સંબંધ જેની તેઓએ પુષ્ટિ પણ કરી હતી.

યુકેમાં ભારતીય મૂળના 19 લાખ લોકો રહે છે, જે એકંદર વસ્તીના 2.5 ટકાથી વધુ છે. જોકે, ભારતે લેબર સરકાર હેઠળ બ્રિટનથી આઝાદી મેળવી હોવા છતાં તાજેતરમાં કન્ઝર્વેટિવ્સ હેઠળ બ્રિટન સાથેના તેના સંબંધો વધુ સારા રહ્યા છે. લેબર પાર્ટીની અંદર એક મજબૂત પાકિસ્તાન તરફી લોબી નીતિને પ્રભાવિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે, જેથી ઘણા ભારતીયો વિમુખ થઈ જાય છે. પરંતુ કીર સ્ટાર્મર એક વ્યવહારિક રાજકારણી છે. વડા પ્રધાન તરીકે તેઓ ભારત સાથે સારા સંબંધો જાળવી રાખવાનો પ્રયાસ કરશે. જોકે, કોઈ પણ અપેક્ષા રાખી શકે છે કે, લેબર સરકાર માનવાધિકારના ઉલ્લંઘન અને લઘુમતીઓ સાથે કોઈ પણ અનુચિત વ્યવહાર માટે ભારતની ટીકા કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સુનકના પ્રયાસો છતાં ભારત-યુ.કે. મુક્ત વેપાર કરાર પૂર્ણ થઈ શક્યો નથી. તમામની નજર તેના પર રહેશે કે, સ્ટાર્મરની સરકાર કેટલી ઝડપથી આ કામ કરી શકે છે. કારણ કે, તેની પ્રાથમિકતાઓ અર્થતંત્રને મજબૂત કરવાની હશે. સ્ટાર્મરની પ્રાથમિકતા ભારત સાથે એક મુક્ત વેપાર કરાર પૂર્ણ કરવાની રહેશે, જેના પર અગાઉની સરકારે પહેલેથી જ વ્યાપક પાયાનું કામ કરી લીધું છે. ભારતીય વિદ્યાર્થીઓ, આરોગ્ય કર્મચારીઓ અને નાણાકીય અને કમ્પ્યુટર નિષ્ણાતો બ્રિટીશ અર્થતંત્ર અને વ્યાપક સમાજમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તે બ્રિટનમાં નવી સરકાર હેઠળ પણ આ જ સ્થિતિ રહેવાની સંભાવના છે. જાન્યુઆરી 2022માં શરૂ થયેલી ભારત-યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) વાટાઘાટોનો ઉદ્દેશ્ય ભારતના વિશાળ અને વિકસતા બજાર સુધી પહોંચ આપીને અને ઉચ્ચ ટેરિફ અવરોધોને બાયપાસ કરીને આર્થિક સંબંધોને વધારવાનો છે. કરારમાં માલ, સેવાઓ, રોકાણ અને બૌદ્ધિક સંપદા અધિકારો સહિત 26 પ્રકરણો આવરી લેવામાં આવ્યા છે.

ભારત અને યુકે વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 2022-23માં 20.36 બિલિયન અમેરિકન ડોલરથી વધીને 2023-24માં 21.34 બિલિયન ડોલર થયો છે. સ્ટાર્મરનું નેતૃત્વ ચાલુ એફટીએ ચર્ચાઓને અસર કરી શકે છે. ભારત સાથે એફટીએ પર સ્ટાર્મરનું વલણ લેબર પાર્ટીના 2024ના ચૂંટણી ઢંઢેરામાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે, જેમાં “ભારત સાથે નવી વ્યૂહાત્મક ભાગીદારી બનાવવી, જેમાં મુક્ત વેપાર કરારનો સમાવેશ થાય છે, તેમ જ સુરક્ષા, શિક્ષણ, તક્નિકી અને આબોહવા પરિવર્તનમાં સહકારને ગાઢ બનાવવાનો સમાવેશ થાય છે.”ની યોજનાઓની રૂપરેખા આપવામાં આવી છે. ભૂતકાળમાં કાશ્મીર પર લેબર પાર્ટીનું વલણ અને પાકિસ્તાન માટે તેના કથિત સમર્થનને કારણે ભારત અને બ્રિટીશ ભારતીય સમુદાય સાથેના સંબંધોમાં ઓટ આવી છે. જેરેમી કોર્બીનના નેતૃત્વ હેઠળ લેબર પાર્ટીએ 2019માં એક ઠરાવ પસાર કર્યો હતો, જેમાં “કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપ અને યુએનના નેતૃત્વમાં જનમત સંગ્રહની હાકલ”ને સમર્થન આપવામાં આવ્યું હતું. ભારતે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ 370 નાબૂદ કર્યા પછી તે આવ્યું હતું. જોકે, સ્ટાર્મરે સુધાર કરવાની માંગ કરી છે. લેબર પાર્ટી અને ભારત વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોમાં ફાળો આપનાર અન્ય મુદ્દો એ પાર્ટીની અંદર ખાલિસ્તાન તરફી વિચારોની હાજરી છે. જોકે, સ્ટાર્મરે યુકેમાં ભારતીય ડાયસ્પોરા સાથેના તણાવપૂર્ણ સંબંધોને સુધારવાની ઝુંબેશ દરમિયાન ઘરેલું આઉટરીચ પ્રયાસો શરૂ કર્યા હતા. તેમણે હિન્દુફોબિયાની નિંદા કરી હતી અને દિવાળી અને હોળી જેવા સાંસ્કૃતિક તહેવારોની ઉજવણી કરી હતી. આ સંકેતોનો ઉદ્દેશ્ય બ્રિટીશ-ભારતીય સમુદાયો વચ્ચે વધુ વિશ્વાસ અને સમાવેશને પ્રોત્સાહન આપવાનો હતો. ભારતે સ્ટાર્મરની ઉચ્ચ હોદ્દાની ધારણાની અપેક્ષા રાખી હતી અને લેબર પાર્ટી સાથે સંબંધો મજબૂત કર્યા. સ્ટાર્મરે ભારતીય અધિકારીઓને ખાતરી આપી હતી કે, એકવાર તેઓ સત્તામાં આવ્યા પછી હાઉસ ઓફ કોમન્સમાં ભારત વિરોધી કટ્ટરપંથીઓ પર લગામ લગાવશે. તે આમ કરી શકે છે. કારણ કે, સ્ટાર્મરે નવી સંસદમાં તેના વિશાળ બહુમત માટે હાંસિયાના જૂથોના ટેકાની જરૂર નથી પડી. દરમિયાન, મોદીએ યુકેના નવા ચૂંટાયેલા પીએમને અભિનંદન આપ્યા અને બંને દેશો વચ્ચે ‘સકારાત્મક અને રચનાત્મક સહયોગ’ની આશા વ્યક્ત કરી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# અત્યારના સમાજ પ્રમાણે પોતાને સજ્જ કરો અને અધિકારની લડાઈ લડો

### અવારનવાર

ડો.નાનક ભટ્ટ

આર્થિક સ્વાવલંબન વગર મહિલાઓનું સ્થાન કદી ઉન્નત બની શકવાનું નથી. રાજસ્થાનના અજમેર જિલ્લામાં મહિલાઓ દ્વારા રચાયેલા સ્વસહાય જૂથોની કામગીરી નારી ઉત્થાનની દિશામાં સીમાચિહ્ન કદમ દર્શાવે છે. ગામડાંની નારી, સ્વતંત્ર આવક ઊભી કરે પછી તેનામાં જે ગજબનો આત્મવિશ્વાસ આવે છે તે જોવા માટે અચૂક રાજસ્થાન જવું પડે. મહિલા અધિકારિતાના સમયમાં જોવા મળતું આ પરિવર્તન ગ્રામીણ મહિલાની આત્મસૂઝની ખાતરી આપે છે. અન્યથા નિરક્ષર મહિલા ભાંગ્યા તૂટ્યા અક્ષરે પણ હિસાબ લખતી હોય તેવું દૃશ્ય ક્યાં જોવા મળે? ધિરાણનું માળખું ગામડાં સુધી પહોંચાડવા માટે બેંકની અનેક શાખાઓ ખોલવામાં આવી હોવા છતાં ગરીબ માણસને બેંક પાસેથી નાણાં મેળવતાં નાકે દમ આવી જતો હતો. આથી ધિરાણ તરીકે જરૂરી રકમ મેળવી, લાભાર્થીઓ સહિયારા ધિરાણને ધંધામાં ફેરવે તેવા આશયથી સ્વ-સહાય જૂથની રચના કરવાનો પ્રયોગ વર્ષ ૨૦૦૨માં રાજસ્થાનમાં અમલમાં મુકાયો હતો. આ સમયે રિઝર્વ બેંકે તમામ ગ્રામીણ બેંકોને આદેશ આપેલો કે સ્વ-સહાય જૂથ દ્વારા થતા ધિરાણને માન્યતા આપવી તથા તેમને જરૂરી રકમ પણ પૂરી પાડવી. ગુજરાત પ્રયોગની વાત કરીએ તો રાજ્યમાં ૧.૫૭ લાખ ગ્રામીણ મહિલાઓ દ્વારા ૪૫૦૦ સ્વ-સહાય જૂથોની રચના થઈ. જેમની અંગત બચત રૂ. બે કરોડની થઈ. નાબાર્ડની મદદથી તેમને રૂ. ત્રણ કરોડનું પરોક્ષ ધિરાણ મળ્યું અને પછી તો ગામડાંની બહેનો સમજી ચૂકી કે પૈસાની જરૂર પડે ત્યારે તેમનાં ઘરેણાં ગિરવે મૂકવાના દિવસો ગયા. શરાફને હવે તગડું વ્યાજ ચુકવવાનું નથી. શ્રમ, ઉત્પાદન, બચત અને ધિરાણની સવલતનું પરિણામ બહેનોએ નજર સામે અનુભવ્યું છે.

ભારત સરકારની સ્વ-સહાય જૂથ યોજના અંતર્ગત ૧૫ થી ૨૫ બહેનો સાથે મળી મંડળ રચી શકે છે. જૂથના ખજાનચી તરીકે કોઈની સર્વાનુમતે વરણી થાય છે. દરેક મહિલા પોતાની પાસેથી થોડી રકમનો ફાળો જૂથમાં જમા કરાવે છે અને આવી એકત્રિત થયેલી કુલ રકમની સામે બેંકો પાસેથી ધિરાણ માંગી શકે છે. ત્યારબાદ જૂથ પોતાના સભ્યોને મધ્યમ કદનો વ્યવસાય શરૂ કરવા માટે ધિરાણ આપી શકે છે. જૂથની આગેવાન તથા મહિલાઓને હિસાબ લખવાની તથા બેંક સાથે કામ પાડવાની તાલીમ આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ જૂથમાં એક નિયમ સમાન છે કે મહિનામાં એક વખત અચૂક બેઠક યોજવી.

એક અભ્યાસથી જોવા મળ્યું છે કે સામાન્ય રીતે સ્વ-સહાય જૂથની ૬૨% મહિલા સભ્ય ધિરાણની રકમનો ઉપયોગ પોતાના ઢોરઢાંખર માટે ઘાસચારો તથા પશુદાણ ખરીદવા માટે યોજે છે. દૂધની આવક ઊભી કરી ધિરાણની રકમ પરત ચુકવતી બહેનોની સંખ્યા ૪૭% છે. જૂનું દેવું ચૂકવવા માટે કે સામાજિક ખર્ચ માટે પણ મહિલાઓ ધિરાણ મેળવી શકે છે. શાકભાજી-ફળોની લારી, માટીકામ પ્રકારે લઘુ વ્યવસાયોમાં પણ ૩૧% બહેનો ભંડોળમાંથી લોન મેળવી રહી છે.

સ્થળ સ્થિતિની વિગતો જોઈએ તો ભૂજનાં રતનબહેનને બિમારીના ઈલાજ માટે તાબડતોબ પૈસાની જરૂર પડી, નાણાં ધીરધાર કરતા શરાફ પાસે જમીન ગીરો રાખીને ઊંચા વ્યાજે રૂપિયા લીધા વગર છુટકો નહોતો. આવા કપરા સમયે ‘સ્વ-સહાય જૂથે’ રૂ.૮૦૦૦ની સહાય કરી ને સ્વમાનભેર ઈલાજ થયો અને શરાફની વ્યાજખોરીમાંથી બચી શકાયું. આજે રતનબહેન શાંતિથી પોતાની કમાણીમાંથી હપ્તા ચૂકવી રહ્યાં છે. ગણપતપુરા મંડળની સ્થાપના કરનાર જમુનાબહેન ગૌરવથી કહે છે કે રૂ.૪,૦૦૦ની મૂડી મહિલા સભ્યો પાસેથી એકઠી કરી બેંક પાસેથી રૂ. ૧૫ હજારનું ધિરાણ મેળવી બતાવ્યું હતું. સ્વ-સહાય જૂથમાંથી લોન લઈ સિલાઈ મશીનની ખરીદી કરી હતી. હવે તે કપડાં સીવીને ૧૦૦% રકમ ચૂકતે કરી છે. આવા અસંખ્ય સફળ દાખલાઓ વિવિધ જિલ્લાઓમાં મોજૂદ છે. ધિરાણની રકમ અર્ધશિક્ષિત મહિલાઓ સુધી પહોંચાડી બહેનોના નિજી વિકાસમાં મદદરૂપ થતી આ યોજનાનું સૌથી સબળ પાસું એ છે કે બહેનો દ્વારા લોનની રકમ કદી ડૂબી નથી. હપ્તાઓ પણ નિયમિત રીતે મળતા રહે છે. વર્ષ ૨૦૧૦-૨૦૨૧ દરમિયાન ગુજરાતના ૨૭ જિલ્લાઓના ૮૫૬ તાલુકાનાં ૧.૫ લાખ ગામડાંઓમાં મહિલા સ્વ-શક્તિકરણની સુવિધા પહોંચી છે. ગ્રામીણ વિસ્તારમાં ગરીબીરેખા હેઠળ જીવતી મહિલાઓને માહિતી અને તાલીમ દ્વારા સક્ષમ બનાવવી અને તેઓના સંગઠન ને પ્રાકૃતિક સંસાધનોની મદદથી આર્થિક રીતે સક્ષમ કરવાના હેતુ સબબની આ કામગીરીમાં ૧૭.૭ લાખ મહિલાઓ જોડાઈ છે. જે પૈકીની ૬.૧૮ લાખ બહેનો આત્મનિર્ભર અને પોતાના કુટુંબનો આધાર બની છે, જે રાજ્ય સરકારના અહેવાલથી સ્પષ્ટ થાય છે.

કંઈક નવું શીખવાની તત્પરતા કોઈ પણ રીતે શહેરી વિસ્તારની મહિલાઓ કરતાં ઓછી ન હોવાના કારણે ગુજરાતની આદિવાસી પટ્ટી ઉપર પણ બહેનો શિક્ષણના મુખ્ય પ્રવાહમાં ભળીને સ્વશક્તિકરણ કાર્યક્રમમાં ભાગીદાર બની છે. પોતાના ઘરખર્ચ માટે કે આકસ્મિક માંદગી માટે ઉછીના-પાછીના કરતી બહેનોની થોડી-ઘણી કમાણીને કોઈ ગંભીરતાથી લેતું નહોતું. પરંતુ ઘર ખર્ચમાં મહિલાઓ ઉપયોગી થવા લાગતાં પુરુષોના વલણમાં હવે સહકાર વધ્યો છે. પોતાની પત્ની, બહેન કે ભાભી કમાણી કરતી સ્ત્રી બનતાં તેમના તરફ સામાજિક આદર વધ્યા છે. એટલું જ નહીં પણ કુટુંબની નિર્ણયપ્રક્રિયામાં કમાતી સ્ત્રીઓનો મત વજનદાર બન્યો છે. ગુજરાતની ૧૩૨ થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી પ્રારંભાયેલ આ ચળવળના છેલ્લાં ૧ વર્ષ દરમિયાન બહેનો પોતાનાં બાળકોનું ભરણપોષણ કરી શકે તેટલું કમાતી તો થઈ છે.ઉપરાંત ગ્રામસભાઓમાં ભાગ લઈ પોતાની સમસ્યાઓ નિડરતાથી રજૂ કરતી થઈ છે. ૧૨,૭૦૦ થી વધુ બહેનો પંચાયત રાજ્યની સંસ્થાઓમાં પદાધિકારી તરીકે બિરાજમાન થઈ છે જે નોંધનીય છે. બહેનો પોતે બચત કરતી થાય, ૬ માસ પછી બચતનાં કુલ એકત્રિત નાણાં જેટલું જ બીજું ભંડોળ સરકારમાંથી મળે, ત્યાર બાદ બેંક જે તે સ્ત્રીને ધિરાણ આપી આર્થિક વિકાસને આગળ વધારવા પહેલ કરે તેવી મૂળ યોજના છે. પરંતુ ગરીબ માણસના જામીનમાં ભરોસો ન બેસતાં બેંકોના નબળા સહકારના લીધે સ્વશક્તિકરણ યોજનાનાં જૂથોને બેંકો સાથે જોડવાનું કામ કંઈક અંશે કપરું થઈ પડ્યું છે. આમ છતાં બહેનો ઘર આંગણાનાં વાડોલિયામાં શાકભાજી કરી, મરઘાં ઉછેરી, વનપેદાશોને એકત્ર કરી બજારમાં વેચે છે તો શહેરી કેન્દ્રો સૌંદર્ય પ્રસાધનનાં સાધનો વિકસાવી ઉદ્યોગો માટેની નાની જરૂરિયાતો તૈયાર કરી પૂરક રોજગાર મેળવે છે. આર્થિક વિકાસની પ્રથમ હરોળમાં ગુજરાતી ગ્રામીણ સ્ત્રીઓ પણ અગ્રેસર રહે તે દિશાનો પ્રયોગ દેશનાં અન્ય રાજ્યો માફક સુખદ અને અનુકરણીય રહ્યો છે. વિકાસની વાટ સાથે સ્વ વિકાસની વાત જોડી દેતો આ પ્રયોગ સફળ રહેતાં એક વાત સાબિત થાય છે કે આર્થિક સ્વાવલંબન વગર મહિલાઓનું સામાજિક સ્થાન કદી ઉન્નત બની શકવાનું નથી.

આધુનિક સમયમાં હવે પૈસો પરમેશ્વર બની બેઠો છે ત્યારે તો આર્થિક રીતે સ્વાવલંબી બહેનો જ પોતાના શિક્ષણ, અંગત પસંદગી, લગ્ન કે માતૃત્વ ધારણ કરવાના નિર્ણયો ગૌરવથી લઈ શકે છે. એટલું જ નહીં પણ સામાજિક રીતે સન્માન પામવા અધિકારિક રહે છે. ત્યારે વિકાસના વાહક તરીકે પ્રથમ હરોળમાં આવવા સ્ત્રીઓ વધુ શિક્ષિત બને, સ્વાવલંબી બને તે સમયની માંગ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

### મહાનગરપાલિકાની ગમે તેટલી ટીકા કરો તે ન સુધરે

દર વર્ષે ચોમાસાની ઋતુમાં સાંબેલાધાર વરસાદ આવતા નદીના વ્હેણ માફક શહેરોમાં પાણી તો ભરાવો થતા આમજનતા તેમજ વાહન ચાલકોને તકલીફો પડે છે. સામાન્ય રીતે વર્ષાઋતુના આગમન પહેલા પાણીનાં વહનની ગટરો ચોકઅપ થઈ ગઈ હોય છે,તેની સાફ સફાઈ કરવાની જવાબદારી મ્યુનિસિપાલિકાની હોવાથી ઓર્ડરો અપાય છે. છતાં પણ તેમાં બેદરકારીને પરિણામે ડ્રેનેજમાં પાણી અવરોધાય છે. આથી શહેરી વિસ્તારમાં વર્તુળમાં પાણીનો ભરાવો થતો આમજનતા તેમજ વાહનચાલકોને મુસીબતોનો સામનો કરવો પડે છે. બેલદારો પ્રત્યેની નિગરાણી રાખવાનું કામ ઈન્સ્પેટર તેમજ અધિકારીઓની પણ છે. માત્ર ઓફિસમાં બેસીને ઓર્ડર આપવાથી કાર્યમાં સુધારો થતો નથી. પરંતુ બેલદારોએ કરેલ કામ પ્રત્યે દેખરેખ રાખવાની જવાબદારી પણ થઈ પડે છે. આમ જનતા પણ બેદરકારીથી કચરો અલગ નહિ કરતા ગટરોમાંજ ઠાલવતા હોય છે. આથી પણ ડ્રેનેજની પાઈપલાઈનમાં પાણી જવાનો માર્ગ અવરોધાયછે અને વરસાદી પાણી ભરાતા બાળકો છબછબિયા કરે છે, જેને પરિણામે ચામડીના રોગ ફેલાય છે. ઉપરાંત ખાડાવાળા રસ્તાઓ પર વાહનો ફસાઈ જતા ટ્રાફિક જામ થાય છે. જે નિગરાણી રાખી મનપાના સફાઈ કમાદોર જરૂરથી પૂરતી જવાબદારી નિભાવશે એવી અપેક્ષા.

**સુરત - ભૂપેન્દ્ર સી. મારફતિયા**

### વર્લ્ડ કપ અને ભારતીય સંસ્કૃતિ

તાજેતરમાં T-20 વિશ્વકપ ટૂર્નામેન્ટમાં ભારતની ભવ્ય જીત થઈ. કહો કે હારની બાજી જીતમાં પલટાઈ ગઈ અને વર્લ્ડકપ ભારતના હાથમાં આવ્યો એની ખુશી તો દરેક ભારતવાસીઓને હોય જ પણ અહીં ધ્યાન ખેંચે એવી ભાવનાત્મક વાત જો હોય, તો ભારતીય ક્રિકેટ કેપ્ટન રોહિત શર્માની ભાવાત્મક ચેષ્ટા-વર્તન તેમણે જયાં વર્લ્ડકપ જીત્યા તે બાર્બાડોઝના ગ્રાઉન્ડ, પીચ પરની માટીનો ટૂકડો મોઢામાં મૂકી તેમના ભારતીય સંસ્કાર, સંસ્કૃતિને લાજવાબ ઉજાગર કર્યા, ધરતીનું ઋણ માથે ચડાવ્યું જાણે વર્લ્ડકપ તેનાથી ગરિમા પામી ગયો. અહીં એ પણ એટલું જ સૂચક છે કે થોડા સમય પહેલાં વર્લ્ડકપ 2023ની ટ્રોફી જીતેલા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર મિચેલ માર્શ જીતના ઉન્માદમાં સફતાના નશામાં ટ્રોફીની ઉપર પોતાના પગ રાખીને બેઠાં હતાં. તે વખતે માર્શની ખૂબ ટીકા થઈ હતી. સોશિયલ મીડિયામાં તે ખૂબ ટ્રોલ થયો હતો. ત્યારે તેમણે કહ્યું હતું કે ‘મને પગ નીચે ટ્રોફી રાખવા મુદ્દે કોઈ પસ્તાવો નથી.’ સફળતા મેળવવી અને સફળ થયા પછી તેને પચાવવી, ‘ડાઉન ટુ અર્થ’ રહેવું દરેક માટે શકય કે આસાન ન પણ હોય. પણ ભારતના રોહિત શર્માએ તે કરી દેખાડયું. ખુદ ટ્રોફી તેના થકી ગરિમાયુકત, શોભાયમાન બની હોય તેવું નથી લાગતું ?

**સુરત - કલ્પના વિનોદ બામણીયા**

### આત્મહત્યા શબ્દપ્રયોગ જ ખોટો છે

‘‘આત્મહત્યા’’ શબ્દ વપરાય છે પરંતુ આત્મા વિષે એવું કહેવાય છે કે આત્મા કોઈ શસ્ત્રથી છેદાતો નથી, પવન તેને સુકવી શકતો નથી, અગ્નિ તેને બાળી શકતો નથી. આત્માનો નાશ થતો નથી. તે અમર છે. માણસનું કે કોઈ પણ સજીવનું મૃત્યુ થાય છે પરંતુ આત્મા બીજો જન્મ લઈ લે છે. તે બીજા શરીરમાં પ્રવેશે છે. કેટલીક વખતે કેટલીક વ્યકિત પૂર્વજન્મની પણ વાત કરે છે. મારો કહેવાનો હેતુ એ છે કે કેટલાક કહે છે કે હું આત્મહત્યા કરીશ.એ આત્મહત્યા શબ્દના સ્થાને બીજો શબ્દ વપરાવો જોઈએ કે નહીં?

**નવસારી - મહેશ નાયક**

### લોકમાતા તાપીમાતા પ્રત્યેની સુરતીઓની માન્યતાઓ

સુરતની જીવાદોરી સમાન તાપી નદીનો જન્મ અષાઢ સુદ સાતમના દિવસે થયો હતો અને આખા વિશ્વમાં એકમાત્ર તાપી નદી જ એવી છે જેનો જન્મદિવસ સુરતીઓ ભારે રંગેચંગે ઉજવે છે. વર્ષો પહેલા તાપી નદી બે કાંઠે વહેતી હતી. વારે તહેવારે,શ્રાવણ માસ અને અધિક માસમાં સુરતીઓ તાપીએ સ્નાન કરવા જતાં હતાં. લગ્નના શુભ પ્રસંગે જમણવાર માં પહેલા તાપી માતાની થાળ કાઢતા હતા.ઘરમાં કીડી માંકડનો ઉપદ્રવ થાય ત્યારે તાપીના જળનો છંટકાવ કરતા.કોઈ પણ ધાર્મિક વિધીમાં બ્રાહ્મણ દ્વારા યજમાનને તાપી માતાનું સ્મરણ કરાવવામાં આવે છે. હોમ યજ્ઞ પહેલા તાપી સ્નાનનું મહાત્મ્ય હતું. કેરીની સીઝનમાં પહેલી કેરીનો ભોગ તાપીમાં ચઢાવે છે. બાળકોને વારંવાર ગુમડા ફોડલા થતા હોય તો તાપીમાં કેરીનો રસ ગોળવાની માનતા રાખતા હતા.દર રવિવારે નિયમિત તાપીમાતાના દર્શને સુરતીઓ જાય છે. તાપી ભરપૂર હતી ત્યારે પૂજાપો નદીમાં વિસર્જન કરતા હતા. મરણ વિધિમાં દશમાંની ઉત્તરક્રિયા તાપી કિનારે અને અગિયારમાં ની ઉત્તરક્રિયા અશ્વિનીકુમાર ઓવારે કરવામાં આવે છે. દિવાળીમાં પિતૃઓની દીવા દેવાની વિધિ તાપી કિનારે કરવામાં આવે છે. સુરતીઓ તાપીમાતા પ્રત્યે વિષેશ શ્રદ્ધા અને આસ્થા ધરાવે છે. તાપી સ્નાન નો મહિમા છે તે ઉપરાંત તાપીમાતા નું માત્ર સ્મરણ કરવાથી પાપ દૂર થાય છે.સુરતની સમૃદ્ધિ માં તાપીમાતાની મહેર છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### સમય જ બળવાન છે

વર્ષ ૨૦૦૧ ગુજરાતના કચ્છમાં આવેલા ભયંકર ભૂકંપે ગુજરાતને હચમચાવી નાખ્યું.એ જ ભૂકંપે ગુજરાત ભાજપને પણ હચમચાવી નાંખ્યું.ગુજરાતને એક નવા સુકાની મળ્યા. પણ શું ૨૦૧૪ માં એક રાજ્ય મૂકીને સમગ્ર દેશના પ્રધાન બનવું એ ઉતાવળો નિર્ણય હતો? કેમ કે પ્રધાનમંત્રી બન્યા પછી ગુજરાત મોડલ અને ગુજરાત ભાજપ તો સાવ ઠપ થઈ ગયું. નોટબંધી કોઈ કામ આવી નહીં. જીએસટી એ મધ્યમ ઉદ્યોગોની કમર તોડી નાખી.મોંઘવારી,બેરોજગારી ચરમસીમા પર,ભ્રષ્ટાચારી બધા જેલની જગ્યાએ ભાજપમાં જોડાઈ ગયા. પેપર ફૂટવાની ઘટના એક પછી એક રાજ્યો અને હવે તો નીટ જેવી પરીક્ષા કે જેમાં વિદ્યાર્થીઓનાં કપડાં પણ ફુલ સ્લિવનાં પહેરવા નથી દેતાં એમાં પણ ધાંધલ થઈ ગઈ.એમાં પાછા સાહેબ દર વર્ષે પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમ કરે.દેશની જનતાએ જે માણસને આટલી સત્તા આપી આટલી બધી સીટો આપી એમની કથની અને કરણીમાં આટલો મોટો ભેદ કેમ આવી ગયો? આજે કોઈ પણ ખોટી વાત પર ભાજપ કોંગ્રેસ પર આક્ષેપબાજી કરી શકે તેમ નથી કેમ કે સત્તા માટે ભાજપ દ્વારા એ દરેક પાપ કે ભૂલો આ દસ વર્ષમાં થઈ ગઈ. જે ભૂલ કે પાપ કોંગ્રેસને કરતાં ૭૦ વર્ષ લાગ્યાં હતાં.એટલે નૈતિકતાથી જોઈએ તો ભાજપ કરતાં કોંગ્રેસ વધુ સારી કહેવાય.એટલે જ શીર્ષક છે કે ના તો ગાંધી પરિવાર મહાન ન તો મોદી મહાન,ન તો કોંગ્રેસ મહાન ન તો ભાજપ મહાન, ફકત અને ફકત સમય જ મહાન અને બળવાન છે.

**સુરત - કિશોર પટેલ**

### મંદિરોના વહીવટકર્તાઓએ ધ્યાને લેવા જેવી બાબતો

મને બહારથી આવેલા એક દર્શનાર્થી મિત્રે સરસ પ્રશ્ન કર્યો. શું ચઢે? ભકતિ કે ભીડ? મેં એને આવડે એવો આ ફિલસૂફીભર્યા કૂટપ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું કે મંદિરની વાત હોય તો ભીડનું પલ્લું જ નમે.આવનારાં ભકતોને સામે સ્થાપિત મૂર્તિના દર્શનમાં રસ છે, જયારે પૂજારીને સામે ઊભેલાં ભકતોની પાંખી હાજરી નહિ પણ એકઠી થયેલ ભીડ વધુ આકર્ષે છે. યોગાનુયોગ હાલમાં હાથરસમાં સેંકડો લોકો એક સત્સંગમાં મોતને ભેટયાં કે ઈજા પામ્યાં,બેસુમાર ભીડને કારણે. ધક્કામુક્કીમાં સુરતમાં આમ તો ચાર પાંચ એવાં મંદિરો છે કે જેના દર્શને શહેર ઉપરાંત દેશભરમાંથી લોકો દર્શન માટે આવે છે.મંદિરના ટ્રસ્ટીઓ પણ દેશનાં અન્ય મંદિરોમાથી,આવી દુર્ઘટનામાંથી બોધપાઠ લઈને મંદિર પ્રવેશ અને બહાર જવા માટે એકંદરે ભીડ માટે સારું આયોજન કરે છે.એની નોંધ લીધા પછી પણ બીજી ઘણી નાની બાબતો પણ છે.પણ એમાંની બે ખાસ બાબતો આ લખનારના ધ્યાન પર આવી.એક સ્વજનને દર્શને લઈ ગયો.ચારેક જણાજ હતા.સરસ દર્શન થશે એમ માની હજુ પગથિયાં પર જ હતાં અને દ્વાર બંધ થઈ ગયાં. હમણાં નહિ, વીસેક મિનિટ બાદ આરતી સમયે દર્શન ખૂલતાં અમારા નસીબમાં ભીડનો સામનો કરવાનુ આવ્યું. આવું શા માટે? શણગાર માટે પાંચ સાત મિનિટ ના ચાલે? બીજી બાબત એકાદ બે બાદ કરતાં મોટા ભાગનાં મંદિરો બપોરે બારથી ચાર, અરે ક્યાંક તો સાંજે પાંચ સુધી નથી ખૂલતાં.આ સમયગાળો ઓછો ના કરી શકાય?

**સુરત - પ્રભાકર ધોળકિયા**